**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-01 તા.14-04-2021

## સિવિલ હૉસ્પિટલમાં જે પણ દર્દીઓ દાખલ છે તેમને તથા તેમના સગાવ્હાલાને બંને ટાઈમની ભોજન વ્યવસ્થામાં ભાજપા એ મદદ કરી છે:- શ્રી સી.આર.પાટીલ

## 2:00 થી 4:00 ના સમયમાં દર્દીઓના સગાવ્હાલા સાથે વિડીયોકૉલ દ્વારા વાત કરાવવામાં આવશે:- શ્રી સી.આર.પાટીલ

ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સુરત સિવિલ હોસ્પિટલમાં ભાજપા દ્વારા બનાવવામાં આવેલ હેલ્પ ડેસ્કની મુલાકાત લીધી.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યુ કે, સિવિલ હૉસ્પિટલમાં જે પણ દર્દીઓ દાખલ છે તેમને તથા તેમના સગાવ્હાલાને પણ બંને ટાઈમની ભોજન વ્યવસ્થામાં ભાજપા એ મદદ કરી છે. 2:00 થી 4:00 ના સમયમાં દર્દીઓના સગાવ્હાલા સાથે વિડીયોકૉલ દ્વારા વાત કરાવવામાં આવશે. રેમેડિસિવીર ઈન્જેક્શન માટે દર્દીઓના સગાઓને લાઇનમાં ઊભું ન રહેવું પડે તે માટે સરકાર પૂરતા પ્રયત્નો કરી રહી છે. ખાનગી હોસ્પિટલોમાં પણ ઇન્જેક્શન મળી રહે તેવી વ્યવસ્થા સરકાર કરી રહી છે.

શ્રી પાટીલે વધુમાં જણાવ્યુ કે, કોવિડની સારવાર માટે ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને બાકીના સ્ટાફ પણ ખૂબ ઝીણવટ પૂર્વક કામ કરી રહ્યા છે. જરૂરિયાત કરતાં સવા સો ટકા ઑક્સીજનનો વપરાશ થઈ રહ્યો છે. ઑક્સીજનની અછત આગામી સમયમાં ઊભી ન થાય તે અંગે સુરતના MLA હર્ષ સંઘવી તેમજ તેમની ટીમ દ્વારા NGO મારફતે નવા 400 ઑક્સીજન સિલિન્ડર ની સગવડ ઊભી કરી છે, જેથી સિલિન્ડરના રીફિલિંગમાં અગવડ ઊભી ન થાય.

પ્રદેશ મીડિયા કન્વીનર
ડૉ યજ્ઞેશ દવે